ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જ્યોત્સ્નાબેન બુચ
ઘર : ૨૩૨૬૦૩૭૦



રેખાબેન પટેલ
કોર મેમ્બર, લાયોનેસ ક્લબ
મો. ૯૪૨૬૦૦૯૯૭૭, ૯૪૨૬૩૬૩૫૫૮



બાબુભાઈ વલ્લભદાસ નાયક
ફોન : ૨૩૨૭૦૪૧૭



જીવણલાલ એલ શાહ
મો. ૯૪૨૬૭ ૦૯૭૩૬



મહેન્દ્રકુમાર મફતલાલ પરમાર
મો. ૯૬૦૧૨ ૮૯૬૬૩



અજિતસિંહ ભટ્ટી
ઉપપ્રમુખ, એન્જિનીયર્સ અને આર્કિટેક્ટ્સ એસોસિએશન
મો. ૯૪૨૭૩ ૦૪૧૫૪



બચુખાન મીસરીખાન ગોઠાજ
ગઝલકાર
મો. ૯૫૭૪૭ ૩૮૯૫૧



ભ્હાર્દિક સોરઠિયા
મો. ૯૦૩૩૫ ૦૭૯૩૧

# પોદાર જમ્બો કિડ્સ ખાતે અર્થ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

પોદાર જમ્બો કિડ્સ ખાતે અર્થ ડેની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને સાત અમૂલ્ય શીખ આપવામાં આવી હતી : (૧) દરેક વિદ્યાર્થી પોતાના જન્મ દિવસે એક વૃક્ષ વાવે અને પરિવારના દરેક સભ્યદીઠ એક વૃક્ષ વાવવું જોઈએ. (૨) લાઈટ, પંખા, એસી જેવાં વીજળીનાં સાધનો જરૂર ન હોય ત્યારે બંધ રાખવાં. (૩) લીક થતા નળ તાત્કાલિક રીપેર કરાવવા જોઈએ. (૪) બ્રશ કરતી વેળાએ નળ ચાલુ ન રાખવો જોઈએ. (૫) બાથટબ અને શાવરના સ્નાનથી દૂર રહી બાલ્ટીવાળા સ્નાન તરફ પાછા વળો. (૬) પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો કરો. (૭) તમારા કાર્બન ફૂટપ્રિન્ટને ચેક કરતા રહો.

આ ઉપરાંત વાલીઓને પણ એવી વિનંતી કરવામાં આવી હતી કે તેઓ સ્વૈચ્છિક સંસ્થાના માધ્યમથી તેમનાં પાલ્યોનાં પુસ્તકો, નોટબૂક્સ વગેરે અન્ય વિદ્યાર્થીઓને દાનમાં આપી બાળકોને રીયુઝની તેમજ રીસાઈકલીંગની ટેવ પાડે.

વિદ્યાર્થીઓએ પોતાની વહાલી ધરતી માને આ વિશિષ્ટ દિવસે ત્રણ બાબતોનું વચન આપ્યું હતું : (૧) કચરો ગમે ત્યાં ફેંકીશું નહીં અને કચરાપેટીનો ઉપયોગ કરીશું (૨) આપણી સંભાળ રાખતાં વૃક્ષોને અમે વહાલ કરીશું અને સાચવીશું (૩) પાણીનો દુરુપયોગ નહીં કરીએ.

# વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે બારીયામાં ડાયાબીટીસ કેમ્પ

## ૯૪ લાભાર્થીઓની ચકાસણી કરાઈ, ગુરૂ શિબિરની પણ ઉજવણી

દહેગામ, તા.૨૩

દહેગામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવકરણના મુવાડા સેન્ટરના સબ સેન્ટર બારીયા ગામે વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે ડાયાબીટીસ અંગેનો કેમ્પ તથા ગુરૂ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આજુબાજુ ગામના રહીશોએ સ્વાસ્થ્યને લગતા આ કાર્યક્રમમાં સ્વેચ્છાએ ભાગ લઈ તંદુરસ્તીની ચકાસણી કરાવી હતી. હાજર તબીબોની સલાહ સુચન મુજબ વધુ સારવારની પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જોગવાઈ કરી હોવાની માહિતી આપી સમયસર અને નિયમિત સારવાર લેવા ભાવપૂર્વક લાભાર્થીઓને જણાવવામાં આવ્યું હતું.

વિશ્વ આરોગ્ય દિવસની દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી જે અન્વયે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવકરણના મુવાડા સેન્ટરના બારીયા સબ સેન્ટર ખાતે ડાયાબીટીસ ચેક અપ કેમ્પ તેમજ ગુરૂશિબિરનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૯૪ લાભાર્થીઓની ડાયાબીટીસની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૨ વ્યકિતઓને ડાયાબીટીશના લક્ષણ માલુમ પડયા હતા જેઓને વધુ સારવાર અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી અપાયા હતા.

# મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફેન
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
લાલ રંગ
૬.૪૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (૩ડી અંગ્રેજી)
સવારે ૧૦.૩૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
કિ એન્ડ કા
૭.૩૦
સાંતા બાંતા પ્રા.લિ.
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૧૦.૧૫
લાલ રંગ
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ફેન
૧૦.૦૦, ૭.૦૦
લાલ રંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦

# પ્રોફેસર્સ હવે પોતાની કોલેજ-યુનિ.માં જ ગાઈડ તરીકે રહી શકશે

ગાંધીનગર, તા. ૨૩

યુજીસી દ્વારા આદેશ કરાયો છે કે પ્રૉફેસર્સ હવે પોતાની જ કૉલેજ-યુનિવર્સિટીમાં ગાઈડ તરીકે રહી શકશે.

ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી અન્ય યુનિવર્સિટીઓમાં પીએચડી ગાઈડ તરીકે પ્રોફેસરો જતાં હોય છે. આજ રીતે અન્ય યુનિવર્સિટીમાંથી કેટલાક પ્રોફેસરો ગુજરાત યુનિવર્સિટીમાં આવતાં હોય છે. આ પ્રકારની પરિસ્થિતિ બંધ કરવા હવે યુજીસી દ્વારા આદેશ કરાયો છે. યુજીસીના આદેશના પગલે યુનિવર્સિટી હવે પછી યુનિવર્સિટીના પ્રોફેસરોને અન્ય યુનિવર્સિટીમાં ગાઈડશીપ ન કરવા સૂચના અપાઈ છે.

કેટલાક પ્રોફેસરો જે યુનિવર્સિટી કે કોલેજમાં ફરજ બજાવતાં હોય ત્યાં ગાઈડશીપ ન મળી હોય અથવા તો મળી હોય તો પણ અન્ય કોલેજ કે યુનિવર્સિટીઓમાં ગાઈડશીપ અથવા તો વિદ્યાથીઓ લેતાં હોય છે. આ માટે ગાઈડશીપ મેળવનારા પ્રોફેસરોને જે તે ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજોમાંથી વધારાની રકમ પણ મળતી હોય છે. તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દેશની દરેક યુનિવર્સિટીઓને એક પત્ર મોકલવામાં આવ્યો હતો. જેમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે કોલેજ અથવા તો સંલગ્ન કોલેજમાં પ્રોફેસર ફરજ બજાવતાં હોય તે કોલેજ અને યુનિવર્સિટીમાં જ પીએચડી ગાઈડ તરીકે રહી શકશે. અન્ય પ્રાઈવેટ કોલેજ કે યુનિવર્સિટીમાં ગાઈડ તરીકે રહી શકશે નહીં. આ રીતે કોઈ પ્રોફેસર આ રીતે પોતાની સિવાયની યુનિવર્સિટી કે કોલેજમાં ગાઈડશીપ તરીકે રહેવું હોય તો તે માટે યુજીસીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

# સિદ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા જોગ

ગાંધીનગર, તા. ૨૩

સિદ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરના તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે એલએલબી સેમેન્ટર-૨ના સીટ નં. ૧૮૪૫ થી ૧૯૮૦ સુધી તથા એલએલબી સેમેન્ટર-૪ અને સેમેસ્ટર-૬ના તમામ વિદ્યાર્થીઓની તા. ૨૫મી એપ્રિલના રોજ શરૂ થતી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાની બેઠક વ્યવસ્થાનું કેન્દ્ર સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ સમર્પણ એજ્યુકેશન કેમ્પસ ખાતે કરાવાયું છે. તેમજ એલએલબી સેમેન્ટર-૨ના સીટ નં. ૧૯૮૧ થી ૨૪૨૭ સુધીની બેઠક વ્યવસ્થાનું કેન્દ્ર સિદ્ધાર્થ લૉ કોલેજ રહેશે.

આ અંગેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવી અને વધુ માહિતી નેટ ઉપરથી મળી રહેશે તેમ કોલેજના આચાર્ય દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# રાણીપ સ્વામીનારાયણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો





શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર વિશ્વશાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામીનારાયણ મંદિર, રાણીપનો પાટોત્સવ ભારે દબદબાપૂર્વક યોજાયો હતો.

આ પ્રસંગે યુવા ખેલાડીઓ તેમજ સ્વાતંત્ર્યસેનાનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પૂ. આચાર્ય સ્વામીજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ જીવનમાં જે મૂલ્યો કે આદર્શોને મહત્ત્વ આપે છે તેના આધારે તેની કિંમત અંકાય છે. આ દેશની પ્રજાનો આદરણીય વર્ગ જે જે જીવનમૂલ્યોને સ્વીકારતો આવ્યો છે અને જે જે આદર્શોને જીવનમાં ઉપાસતો આવ્યો છે તેને આધારે આ દેશની સંસ્કૃતિનું ઘડતર થયું છે.

વધુમાં આજની યુવા પેઢીને હાકલ કરતાં તેમણે જણાવ્યું હતું કે વ્યસનોને તિલાંજલી આપી સંસ્કાર સહિતનું જીવન જીવવું જોઈએ. સંસ્કાર અને ધર્મ જ મનુષ્યને જીવનમાં પ્રગતિ કરાવે છે.

## સમજાઈ જાય તો બેડો પાર ! અચૂક જોવા જેવી ફિલ્મ

# નીલ બટ્ટે સન્નાટા : ન સમજાય એવા શિર્ષકવાળી અદ્‌ભૂત ફિલ્મ




શૂન્યાવકાશનો ભાગ પાડીએ તો સૂનકાર જ સાંપડે ને... શિર્ષક ન સમજાય એવી આ ફિલ્મ 'નીલ બટ્ટે સન્નાટા' જો સમજાઈ જાય ને તો સંતાનો અને વાલીઓનો બેડો પાર થઈ જાય...! 'નીલ બટ્ટે સન્નાટા' એટલે કે શેષ નીલ રહી હોય એનો પણ ભાગ કરીએ તો સન્નાટા સિવાય કંઈ જ બાકી બચે નહીં. બાળકોના ભવિષ્ય માટે રાત-દિવસ એક કરતાં વાલીઓના જે સંતાનો ભણતા નથી એવા તમામ સંતાનોએ અને તમામ વાલીઓએ અચૂક જોવા જેવી ફિલ્મ એટલે 'નીલ બટ્ટે સન્નાટા'.

દિગ્દર્શક અશ્વિની ઐયર તિવારીની આ સૌ પ્રથમ ફિલ્મ છે, એક મહિલા દિગ્દર્શકે એક માતાની સંવેદના અને સંતાનો સાથે જોડાયેલા તેના સપનાંઓને સંવેદનશીલતાથી રજૂ કર્યાં છે. 'નીલ બટ્ટે સન્નાટા' એ એવી સિંગલ-ગરીબ મા ની વાત છે, જેનું એક માત્ર સપનું તેનું સંતાન છે. તેની દીકરી ભણી-ગણીને સુખી થાય એ જ એક માત્ર ધ્યેય સાથે ઢસરડા કરતી માની કથા અને વ્યથા એટલે 'નીલ બટ્ટે સન્નાટા'.

આગ્રામાં રહેતી મા - ચંદા સહાય (સ્વરા ભાસ્કર) દસમા ધોરણમાં ભણતી દીકરી - અપેક્ષા - અપુ (રિયા શુકલ)ના ઉજ્જવળ ભવિષ્ય માટે તનતોડ મહેનત કરે છે. વહેલી સવારે પોતાનું ઘરકામ આટોપીને, દીકરીને સ્કૂલે જવા માટે ઉઠાડીને મા પારકા ઘરે કામ કરવા જાય છે. એ કામ પતાવીને બૂટ-ચપ્પલ બનાવવાની ફેકટરીમાં કામ કરવા જાય છે, અને છેલ્લે મસાલા દળવાની ઘંટીમાં પોતાની જાતને દળીને ઘેર પહોંચે છે. ચંદા સહાયની દીકરી અપુ (રિયા શુકલ) માટે મેથ્સ માથાનો દુ:ખાવો છે. સરકારી શાળામાં ભણતી અપુ-અપેક્ષાને ભણવામાં રસ નથી પડતો. ડૉકટરના સંતાનો જ ડૉકટર અને એન્જિનિયરના જ સંતાનો એન્જિનિયર બને. એક કામવાળીની દીકરી એ કામવાળી જ બનવાનું હોય. કામવાળી બનવામાં ભણવાની શું જરૂર...? આવી દલીલો અને વિચારો સાથે અપેક્ષાને ભણવું જ નથી. તો માની અપેક્ષાઓ કંઈક અલગ જ છે. એ ઈચ્છે છે કે, એની દીકરી ભણે, હૉંશિયાર થાય. ડૉકટર અને એન્જિનિયર થવા માટે પૈસાની જરૂર પડતી હોય તો, કલેકટર થવા માટે તો માત્ર મહેનત અને લગનપૂર્વકના અભ્યાસની જ જરૂર છે ને...આમ એક માની સારી જિંદગી માટેની જીજીવિષા અને એક દીકરીની જીદની અદ્‌ભૂત ફિલ્મ એટલે 'નીલ બટ્ટે સન્નાટા'.

ફિલ્મ આપે જોવાની છે એટલે વાર્તાનું પોત વિશેષ ખોલીને હું આપની આતુરતા- ઉત્સુકતાને ક્ષતિ પહોંચાડવા નથી ઈચ્છતો.

કોઈ મોટા બજેટની કે મોટા કલાકારોની ન હોવા છતાં આ ફિલ્મ મહાન છે. લેખક-દિગ્દર્શક નિતેશ તિવારીના પત્ની અને અમિતાભ બચ્ચનની 'ભૂતનાથ રિટર્ન્સ' જેવી ફિલ્મમાં ક્રિએટીવ કન્સલટન્ટ તરીકે કામ કરી ચુકેલા અશ્વિની ઐયર તિવારીની દિગ્દર્શક તરીકેની આ પહેલવહેલી ફિલ્મ છે, છતાં અશ્વિની ઐયર તિવારીએ કમાલ કરી છે. પતિ નિતેશ તિવારીએ નિરજ સિંઘ અને પ્રાંજલ ચૌધરી સાથે મળીને લખેલી વાર્તા પરથી સ્ક્રીન-પ્લે પણ અશ્વિની ઐયરે લખ્યો છે. મા- દીકરી વચ્ચેની નાની-નાની લાગણી અને સંઘર્ષની પળોને અશ્વિનીએ ખૂબ જ અસરકારક રીતે પ્રસ્તુત કરી છે.

'નીલ બટ્ટે સન્નાટા'માં સંતાનો અને વાલીઓએ જીવનમાં ઉતારવા જેવી-ઘરે લઈ જવા જેવી ઘણી બાબતો છે. એક ગરીબ-કામવાળી મા જેને ઘરે કામ કરે છે, તે લેડી ડૉકટર-રત્ના પાઠક શાહ પાસેથી પ્રેરણા લે છે... અનાયાસે મળી ગયેલા કલેકટર પાસેથી સલાહ લે છે... અને દીકરીને મહેનત કરવા માટે પ્રેરણા આપવાનો પ્રયત્ન કરે છે. દીકરી માને છે કે, ગરીબોને સપનાં જોવાનો અધિકાર જ નથી. તો મા માને છે કે, જેની પાસે જોવા માટે સપનાં નથી એ જ સૌથી મોટો ગરીબ છે... આવા તો અનેક પ્રેરણાદાયી સંવાદોથી સભર આ ફિલ્મ એવી પણ દલીલ કરે છે કે, જો ડૉકટરનો જ દીકરો ડૉકટર અને એન્જિનિયરનો જ દીકરો એન્જિનિયર બની શકે એવું જ હોય તો એ.પી.જે અબ્દુલ કલામે માત્ર માછીમાર જ બનવું જોઈતું હતું. એ તો પહેલાં વૈજ્ઞાનિક અને પછી રાષ્ટ્રપતિ બન્યા..!

સપનાં જુઓ, એ સિધ્ધ કરવા પુરી લગનથી મહેનત કરો તો જીવનમાં કંઈ જ અસંભવ નથી, એવો મેસેજ આપતી આ ફિલ્મ મા-બાપે સંતાનો સાથે કઈ રીતે વર્તવું જોઈએ એની પણ શીખ આપે છે.

નાના-નાના દશ્યો અને સંવાદોથી દિગ્દર્શક - અશ્વિની ઐયર તિવારીએ મોટી-મોટી વાતો સમજાવી દીધી છે. કામે જતાં પહેલા મા હંમેશા પડોશણને વિનંતી કરીને જતી કે, તે દીકરીને ઉઠાડી દે... છેલ્લે પડોશણ સામેથી પૂછે છે કે, 'તારી દીકરીને ઉઠાડી દઉ...?' ત્યારે મા કહે છે, 'ના, હવે તે જાગી ગઈ છે...' અશ્વિની ઐયરના દિગ્દર્શનમાં આ ફિલ્મમાં આવી તો અનેક બાબતો બારીકાઈપૂર્વક મુકવામાં આવે છે.

'નીલ બટ્ટે સન્નાટા'માં માની ભૂમિકામાં સ્વરા ભાસ્કર છે. મૂળ દિલ્હીની આ અભિનેત્રી નૌસેનાના અધિકારીની દીકરી છે. વર્ષ ૨૦૧૧માં 'તનુ વેડ્સ મનુ'માં તે કંગનાની બહેનપણીના પાત્રમાં પહેલીવાર નોંધપાત્ર રહી. એ પછી 'રાંઝણા'માં પણ તેના અભિનયના વખાણ થયા. આ બન્ને ફિલ્મ માટે બેસ્ટ સપોર્ટીંગ એકટ્રેસના ફિલ્મફેર એવોર્ડ પણ મેળવ્યા. 'લીસન સમાયા', 'મછલી જલ કી રાની હૈ', 'તનુ વેડ્સ મનુ- રિટર્ન્સપ્' અને 'પ્રેમ રતન ધન પાયો'માં પણ સ્વરા ભાસ્કરના અભિનયના વખાણ થયા. 'નીલ બટ્ટે સન્નાટા'માં તો સ્વરાએ કમાલ કરી છે. એણે આ ફિલ્મથી સાબિત કરી દીધું છે કે, સ્મિતા પાટીલ, શબાના આઝમી, દિપ્તી નવલ જેવા જેનરની અભિનેત્રીઓની આજે પણ આ ફિલ્મ ઉદ્યોગમાં કમી નથી. સ્વરા ભાસ્કર આ જેનરની અત્યારની અભિનેત્રી છે.

અપેક્ષા-અપુ ના પાત્રમાં મૂળ લખનૌની બાળ કલાકાર રિયા શુક્લએ પણ સુંદર અભિનય કર્યો છે. મા-દીકરી તરીકે સ્વરા અને રિયાની જોડી જામે છે. સરકારી સ્કૂલના પ્રિન્સીપાલ તરીકે પંકજ ત્રિપાઠી પણ શ્રેષ્ઠ છે. પંકજ ત્રિપાઠી પણ અત્યારે નવાઝુદીન સિદ્દીકીની કક્ષાના અભિનેતા છે. તેમણે પ્રિન્સિપાલ તરીકે ખૂબ જ સુંદર અભિનય કર્યો છે. રત્ના પાઠક શાહ વિષે તો કંઈ કહેવાનું જ ન હોય. એ હંમેશની માફક શ્રેષ્ઠ છે. માત્ર આ ચાર પાત્રોએ આખી ફિલ્મને ખૂબ જ સુંદર રીતે સજાવી છે.

દિગ્દર્શન અને અભિનયની સાથે સાથે આ ફિલ્મના ગીતોના શબ્દોની પણ નોંધ લેવી પડે. ગીતોમાં જીવનની ફિલોસોફી છે. ગીતકાર મનોજ યાદવે લખેલું ગીત 'જિંદગી'- અદ્‌ભુત છે, 'એક પન્ના એક કલમ સા જીના, લીખા-મીટા કે ફીર લીખના હૈ, ઈતના- ઉતના કયા કિતના હૈ, સચ હૈ યા મૃગતૃષ્ણા હૈ... ચાર કરોડ સે જ્યાદા સપને, ઔર એક નિંદ કા ડિબ્બા, મેરે મર્તબાન મેં મેરી મરઝી કા મુરબ્બા... તેરે અંદર મેરા ઘર હૈ, યા મુજ મેં તેરી બસ્તી, ઈતના સચ બતા દે જિંદગી, તુ રિશ્તે મેં કયા લગતી હૈ.... મુજકો મૈં અચ્છી લગતી હું, તુજકો તુ કૈસી લગતી હૈ...? નંદિની સિરકારે ખૂબ જ સુંદર ગાયું છે. તો નિતેશ તિવારીએ જ લખેલું 'મેથ્સ મેં ડબ્બા ગુલ..' રમતિયાળ છતાં મર્માળુ છે. 'માય ડીયર ન્યૂટન-આઈન્સટાઈન હાઉ કુડ યુ ફાઈન્ડ ઈટ કુલ, બાકી સબ સબ્જેકટ મેં હમ કુલ, બસ મેથ્સ મેં ડબ્બા ગુલ...' રોહન ઉત્પલ અને આરતી શેનાઈએ ગાયેલું આ ગીત ગણગણવું ગમશે. તો મનોજ યાદવે જ લખેલું અને નંદિની સિરકારે ગાયેલું 'મૌલા... મૌલા...' પણ ચોટદાર છે. 'જિંદગી બતાના કયા જીનેકા સલીકા હૈ, બકશ દે સલામતી યહાં ભી કોઈ જીતા હૈ...' ગમી જાય એવું છે. બહુ જાણિતા નહીં એવા સંગીતકાર રોહન વિનાયકનું સંગીત સાંભળવું ગમે એવું છે. જોકે એફ. એમ.વાળાઓ જો પાર્ટનર નહીં હોય તો આ ગીતોને પોપ્યુલર કરશે કોણ ???

મશહૂર સિનેમેટોગ્રાફર સંતોષ સિવનના આસીસ્ટન્ટ તરીકે કામ કરી ચુકેલા ગૌમિક યુ. આર્યની સિનેમેટોગ્રાફીએ પણ આ ફિલ્મની સહજતા અને સામાન્યપણાને ખલેલ નથી પહોંચાડી તે અસામાન્ય બાબત છે.

'નીલ બટ્ટે સન્નાટા'ના અંતે સ્ક્રીન પર એક વાક્ય આવે છે. 'ઈશ્વરની અદ્‌ભૂત રચના એટલે મા' ખરેખર આ વાક્ય સાથે સો ટકા સંમત થતા સાથે એમ પણ કહેવું પડે કે, એક મહિલા દિગ્દર્શિકા અશ્વિની ઐયર તિવારીની મા-દીકરીના સંબંધોની શ્રેષ્ઠ, પ્રેરણાદાયી અને અદ્‌ભૂત રચના એટલે 'નીલ બટ્ટે સન્નાટા'. કમનસીબે ગાંધીનગરમાં માત્ર એક જ સિનેમાગૃહમાં રજૂ થઈ શકેલી આ ફિલ્મને અન્યત્ર પણ મોટા નામ-દામવાળી ફિલ્મોની ભીડમાં સિનેમાઘરોમાં ઓછા શો મળ્યા હશે, પરન્તુ આ ફિલ્મ માથું મારીને પોતાનું કાઠું કાઢી લેશે એમાં બે-મત નથી.

આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવોમાં ખૂબ જ વખણાયેલી આ ફિલ્મને નવી દિલ્હીની રાજય સરકારે તો કરમૂક્તિ આપી પણ દીધી છે. અત્યારે ભલે અજાણી લાગતી આ ફિલ્મ વિષે આવનારા દિવસોમાં આપણા ઘોંઘાટીયા આલોચકો ગળા ફાડી-ફાડીને બોલશે એમાં બે-મત નથી. આ ફિલ્મ અચૂક જોજો... અને આપના સંવેદનશીલ મિત્રોને પણ અચૂક જોવાનો આગ્રહ કરજો...હા, સંવેદનશીલ મિત્રોને જ ...!!!



